## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... આને પકડ્યો છે.... જાહેરમાં શૌચ કરતો હતો અને.... આ મુદ્દામાલ પણ કોથળીમાં લાવ્યો છું... !!!

# શિક્ષકો-કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓના તમામ હકો જાળવી કડી સર્વ વિદ્યાલયનો લોકભાગીદારી જેવો વહીવટ

**સરકારી શાળાઓનો વહીવટ કડી સર્વ વિદ્યાલયને સોંપવાના વિરોધનો કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલનો જવાબ : વિદ્યાર્થીઓ માટે બસ તથા વ્યવસાયલક્ષી તાલીમની સંસ્થાએ સ્વખર્ચે સવલત ઉભી કરી : શિક્ષણનું સ્તર સુધારવા નિઃશુલ્ક કોચીંગ ક્લાસ ચાલુ કરાયા**

ગાંધીનગર, તા. ૧૧

છેલ્લા કેટલાક દિવસથી ગાંધીનગરમાં સરકારી માધ્યમિક શાળાઓનો વહીવટ ખાનગી સંસ્થાને સોંપવાના સરકારના નિર્ણયનો રાજકિય દોરીસંચારથી વિરોધ કરાઈ રહ્યો છે. જો કે આ વિરોધ કરવાવાળાઓ શાળાઓના સુધરેલા શિક્ષણના સ્તરને ધ્યાનમાં લીધા વિના પાયા વિહોણી બાબતે વિરોધ કરાઈ રહ્યો છે. સરકારી શાળાઓનો વહીવટ સંભાળનાર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસ ડાયરેક્ટર તથા જાણીતા શિક્ષણવિદ ડૉ. સોમભાઈ પટેલે સરકારે સોંપેલો વહીવટને ખુશીથી સંભાળ્યા બાદ શાળાના શૈક્ષણિક સ્તરમાં આવેલા સુધારા સાથે કેટલીક હકીકતો વાંઝિયો વિરોધ કરવાવાળાઓએ ધ્યાને લેવી જોઈએ તે અંગે માહિતી આપી હતી.

ડૉ. સોમભાઈ પટેલે જણાવેલ ૯ મુદ્દામાં સૌપ્રથમ મુદ્દામાં જ જણાવ્યું છે કે શહેરની જે ૬ શાળાઓનો વહીવટ કડી સર્વ વિદ્યાલય સંસ્થાએ સંભાળ્યો છે તેની અંદરની કે બહારની તમામ સગવડો તથા તે મકાનો સરકારની માલિકીના છે. તેમણે જણાવ્યા મુજબ આ શાળાઓના કર્મચારીઓના પગાર, રજાઓ, બદલી કે બઢતી વગેરેની તમામ પ્રક્રિયા કે લાભો વ્યવસ્થા સરકાર હસ્તક જ છે તથા વિદ્યાર્થીઓને મળતા તમામ સરકારી લાભો પણ યથાવત જળવાઈ રહ્યાં છે. મર્જ કરાયેલી શાળા પાસેથી વિદ્યાર્થીઓને બસ દ્વારા લાવવા-જઈ જવાની વ્યવસ્થા સંસ્થાએ સ્વખર્ચે કરી છે તેમજ આ શાળાઓમાં આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ હોવાથી સંસ્થાએ આઈટીઆઈના પ્રકારની સ્વરોજગાર માટે વ્યવસાયલક્ષી તાલીમ પણ આપવાનું ચાલુ કર્યું છે.

કડી સર્વ વિદ્યાલયે સરકારી શાળાઓના નબળા વિદ્યાર્થીઓનું સ્તર સુધારવા નિુઃશુલ્ક વધારાના કોચીંગ ક્લાસ સાથે બપોરના ભોજનની પણ વ્યવસ્થા સંસ્થાના ખર્ચે કરી છે. આ શાળાઓમાં જ્યાં જે તે વિષયના શિક્ષકોની ઘટ હતી ત્યાં સંસ્થાએ સ્વખર્ચે શિક્ષકો મુક્યા છે. તેમજ જ્યાં જરૂરી હોય ત્યાં સંસ્થાએ શાળાઓના મકાનનું રીપેરીંગ-મરામત પણ સ્વખર્ચે કરાવ્યું છે.

આમ, સરકારી શાળાઓનો વહીવટ સંભાળ્યા પછી તમામ શિક્ષકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓના તમામ હક્કો અને હિતો યથાવત જાળવી રાખી વિદ્યાર્થીઓને વધુ સવલતો સાથે શિક્ષણમાં સુધારા પ્રત્યે ધ્યાન અપાઈ રહ્યું છે. સંસ્થાએ જે વહીવટ સંભાળ્યો તેના આદેશમાં લોકભાગીદારી શબ્દ ના વપરાયો હોવા છતાં લોકભાગીદારી જેવો જ વહીવટ કડી સર્વ વિદ્યાલય સંસ્થા પુરો પાડી રહી છે.

## ખૂણે ખાંચરેથી...

- આજે દિવસ દરમ્યાન છવાયેલા રહેલા વાદળોને લઈ વરસાદ વહેલો આવશે તેમ લોકો બોલતા થયા છે. જો કે આજે આખો દિવસ ઉકળાટ અને બફારો પણ છવાયેલા રહ્યા હતા.
- ગાંધીનગર શહેરના કેરી બજારમાં ભાવો સિઝનના અંતિમ તબક્કામાં તુટવા પામ્યા છે. ખરીદીમાં પણ સારો એવો ધસારો જોવા મળી રહ્યો છે.
- જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સાદરા ખાતે ગ્રામ સંવાદસેતુનો કાર્યક્રમ કલેક્ટર શ્રી સતીષ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો.
- વાઈબ્રન્ટ સમીટ માટે ફિક્કીને નેશનલ પાર્ટનર જાહેર કરવામાં આવેલ છે.
- અપક્ષ ઉમેદવાર તરીકે જેનુ ફોર્મ રદ થયુ હતુ તેવા ઉમેદવારને પણ ખર્ચ રજુ નહિ કરવાની નોટીસ મોકલવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં વહેલી સવારે પુરઝડપે ઘ-રોડ અને ચ-રોડ પરથી જતી ટ્રકોના ગતિ પર નિયમન માટે પોલીસતંત્ર ઝડપથી પગલાં લે તેવી માંગ ઉઠી છે.
- ગરમીને પગલે બે દિવસથી કડી સર્વ વિદ્યાલય સંચાલિત સેક્ટર-૨૩ કેમ્પસમાં કાર્યરત સ્કૂલ્સનો સમય ઘટાડી દેવામાં આવ્યો હતો એ ક્રમમાં શનિવારે તો આ સ્કૂલ્સ સવારે ૭.૨૦ કલાકે શરૂ થઈ ૯ વાગ્યે તો છૂટી પણ ગઈ હતી, જેના કારણે વિદ્યાર્થીઓએ ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

# નાગરિકોને આરોગ્ય અધિકાર આપવા જાગૃત નાગરિક પરિષદનો અનુરોધ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે ભારત સરકારને અપીલ કરી છે કે માહિતી મેળવવાનો અધિકાર અને શિક્ષણનો અધિકાર નાગરિકોને મળ્યા છે ત્યારે એક પગલુ આગળ ભરીને આરોગ્ય સેવાઓનો અધિકાર આપવામાં આવે જેથી મૂળભૂત અધિકાર પ્રાપ્ત થયેલો છે તેનો વાસ્તવમાં સ્વીકાર્યો ગણાશે.

તબીબોની નિવૃત્ત વયમર્યાદા ૬૫ વર્ષની કરી છે તેને નાગરિક પરિષદે આવકારેલ છે.

જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં આ ઉપરાંત ઠરાવવામાં આવ્યું હતું કે જેનરિક દવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તેમ છે. દવાઓના સ્ટોર્સ શરૂ કરવા જોઈએ. જેનરિક દવાઓ વેચવાનું ફરજિયાત બનાવવું સરકારી દવાખાનાઓના જેનરિક દવાની દુકાનોએ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

પરિષદના સલાહકાર એચ.વી. વરિયાએ જેનરિક દવાઓ સરકારી તબીબો લખે તે માટે સરકારે કડક અમલ થાય તે રીતે માળખુ ગોઠવવું જોઈએ. ૧ એમ.જી. ઓનલાઈન ફાર્મસી છે તે દવાઓની સગવડ આપે છે. સલાહ સુચનો પણ આપે છે.

જિતેન્દ્રભાઈ ત્રિવેદી, હસમુખભાઈ ઠાકરે ઉપયોગી સુચનો આપેલ હતા.

સુમંતભાઈ શાહે બ્લડપ્રેશર, ડાયાબિટીશ, દુઃખાવાની દવાઓમાં રાહત આપવા પ્રયત્નો કરવા જણાવેલ હતુ.

નગરના અંડરપાસ માર્ગો શરૂ કરવા માટેની ચર્ચા કરવામાં આવેલ હતી. તેમજ મુખ્ય માર્ગોની સમાંતર માર્ગો સેક્ટરોમાં બનાવવા જોઈએ જેથી અકસ્માતો નિવારી શકાશે. જે ખુબ ઉપયોગી સાબિત થયેલ છે. અંધશ્રદ્ધા નિર્મૂલન માટે કાયદો બનાવવા માટે ભાનુપ્રસાદ પુરાણીએ વિસ્તૃત છણાવટ પ્રસ્તુત કરી હતી.

જીવણલાલ પરમારે ઓડિટેડ અહેવાલ રજુ કર્યો હતો. જે માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કેતનભાઈ મહેતાનો આભાર માનવામાં આવ્યો હતો.

# ગાયત્રી શકિતપીઠનો દ્વિદશાબ્દિ પાટોત્સવ ધામધૂમથી સંપન્ન

## વિશેષ પૂજન-અર્જનનું આયોજન : હજારો ભકતોએ દર્શનનો લાભ મેળવી ધન્યતા અનુભવી

ગાંધીનગર, તા.૧૧

ગાયત્રી શકિતપીઠ દ્વારા દ્વિદશાબ્દિ પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું . આ પાટોત્સવ નિમિતે વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્રણ દિવસ સુધી વિવધ ધાર્મિક કાયક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટીસંખ્યામાં ભકતોએ લાભ લીધો હતો. શકિતપીઠ દ્વારા આયોજીત આ પાટોત્સવ પ્રસંગમાં મહાઆરતીનો લાભ હજજારો ભકતોએ લઈ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓનું તેમજ આચાર્ય અને શિક્ષકોનું સન્માન કરાયું હતું.



ગાયત્રી શકિતપીઠનો દ્વિદશાબ્દિ પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તા.૯ ના રોજ દેવ પ્રતિમાઓનું વિશિષ્ટ પૂજન સવારે ૭-૩૦ થી ૯-૩૦ કલાક દરમ્યાન તેમજ સ્વાધ્યાય તથા દિપયજ્ઞનો કાર્યક્રમ સાંજે ૬ થી ૯-૩૦ દરમ્યાન યોજાયો હતો. જયારે તા.૧૦ના રોજ સવારે ૭ કલાકથી જ મૌનજાપ, ગીત સંધ્યા, ગુરુવરનું જીવનદર્શન, ડો.પ્રણવ પંડયાનું પ્રવચન કેસેટ પર સાંભળવાનો કાર્યક્રમ યોજાયો હતો. જયારે આજે તા.૧૧ ના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષામાં પ્રથમ અને બીજો ક્રમ લાવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરાયા હતા. જયારે આચાર્ય અને શિક્ષકોનું તેમજ દાતાઓનું સન્માન તેમજ વિશિષ્ટ કામગીરી કરનાર પરિજનોનું સન્માન પુરસ્કાર દ્વારા કરવામાં આવ્યું હતું.ત્યારબાદ મહાઆરતી યોજાઈ હતી જેમાં મોટીસંખ્યામાં ભકતો હાજર રહ્યા હતા. ગાંધીનગર શહેરમાં સેકટર-૧ ગાયત્રી શકિતપીઠ દ્વારા આયોજીત શકિતપીઠનો દ્વિદશાબ્દિ કાર્યક્રમની રંગચંગે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હજજારો ભકતો દર્શનનો લાભ મેળવી ધન્યતા અનુભવી છે તેમ મંદિરના ચેરમેન કે.વી ગોહીલે જણાવ્યું હતું.

# કોંગ્રેસની સાયકલયાત્રા માણસા દહેગામના મુખ્ય માર્ગો પર ફરી



ગાંધીનગર, તા. ૧૧

છેલ્લા ૨૩ વર્ષથી રાજ કરતી ગુજરાતની ભાજપ સરકાર સમગ્ર ભારત દેશમાં સૌથી વધારે વેટ ઉઘરાવીને જનતાના ખીસા ખંખેરી રહી છે. જેનો વિરોધ પ્રદર્શન કરવા જનજાગૃતિ લાવવાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના શહેરી વિસ્તારમાં ત્રણ દિવસ સુધી સાયકલ યાત્રા યોજવાનો કાર્યક્રમ જિલ્લા કોંગ્રેસ દ્વારા આપવામાં આવ્યો છે. જેના ભાગરૂપે ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના નેતૃત્વમાં સાયકલ યાત્રાનો પ્રારંભ સવારે ૧૦:૦૦ કલાકે ધારાસભ્ય દહેગામના કાર્યાલયથી અને સાંજે ૫:૦૦ કલાકે માણસા કોંગ્રેસ કાર્યાલયથી કરવામાં આવ્યો હતો. સાયકલ યાત્રા દહેગામ અને માણસા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. પ્રવક્તા યાકુબભાઈ મનસુરીએ જણાવ્યું હતું કે આ સાયકલ યાત્રામાં દહેગામ ખાતે દહેગામના ધારાસભ્ય કામીનીબા રાઠોડ, દહેગામ શહેર કોંગ્રેસ પ્રમુખ ભૂપેન્દ્રસિંહ રાઠોડ, દહેગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખ બાબુસિંહ ઝાલા, જગતસિંહ, વખતસિંહ ચૌહાણ, જયંતિભાઈ પટેલ, ફૂલસિંહ ઝાલા, મિહિર પટેલ તેમજ માણસા ખાતે માણસા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ જયંતીભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પૃથ્વીસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

# પીએસઆઈની સેકટર-૧માં સ્થિત મિલકત ટાંચમાં લેવાઈ

## ૩૨.૬૮ લાખની અપ્રમાણસર મિલ્કત એકઠી કરી હોવાનું પ્રસ્થાપીત થતા એસીબીની કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં કોન્સ્ટેબલ તરીકે ભરતી થયેલા દિલીપસિંહ કિશોરસિંહ રાવે ખાતાકીય પરીક્ષા આપી હતી અને પીએસઆઈ તરીકે નિમાયા હતા. વર્ષ ૨૦૧૩માં એસીબીએ તપાસ કરીને અપ્રમાણસર મિલ્કત અંગે કાર્યવાહી કરી હતી. પુરાવા આધારીત તપાસ કરતા એસીબીની તપાસમાં ધ્યાને આવ્યું હતું કે પીએસઆઈને કાયદેસરની આવક રૂ. ૮૨,૬૭,૧૪૦ થાય તેની સામે રોકાણ અને ખર્ચ રૂ. ૧,૧૫,૩૫,૩૯૮નું કરેલું છે. રૂ. ૩૨,૬૮,૨૫૮ની અપ્રમાણસર મિલ્કતો એકઠી કર્યાનું પ્રસ્થાપિત થતા કોર્ટમાં પીએસઆઈ રાવ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવી હતી. આ મિલ્કત વેચાણ ન થાય તે માટેની મહેસાણા એસીબી મદદનીશ નિયામક એમ.બી. જોષીએ ગૃહ વિભાગની મંજુરી મેળવીને કોર્ટમાં દરખાસ્ત કરતા કોર્ટે આખરી ચુકાદો આપી પીએસઆઈની સ્થાવર મિલ્કત કે જે ગાંધીનગરના વીવીઆઈપી ગણાતા સેકટર-૧ વિસ્તારમાં આવેલા મકાન નં. ૫૪૭ ખાતે આવેલી છે તે મકાન જયાં સુધી નામદાર કોર્ટમાં ટ્રાયલ પુરી ન થાય ત્યાં સુધી આ મકાન પોતે કે તેમના આશ્રિતો વેચે-વેચાવે કે અન્ય કોઈના નામે તબદીલ ન કરવા હુકમ કર્યો છે.

# ગાંધીનગર શહેર/જિલ્લામાં છેલ્લા ચાર માસમાં સર્પદંશના ૪૦ બનાવો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં છેલ્લા ચારમાસમાં સર્પદંશના ૪૦ જેટલા બનાવો બનવા પામ્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં સાંજ ઢળતા જ વિવિધ પ્રજાતિના સરિસૃપો બહાર આવતા હોય છે. જેને પગલે રાત્રીના અંધકારમાં સર્પદંશના બનાવ વધુ બનતા હોય છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં જ સર્પદંશના ૪૦ જેટલા દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ બન્યા છે. જયારે ચોમાસાની સિઝનમાં મોટાભાગે સરિસૃપો વધુ બહાર નીકળતા હોવાથી સર્પદંશના બનાવોમાં વધારો થતો જોવા મળતો હોય છે. જેને અનુલક્ષી ચોમાસા દરમિયાન રાત્રીના સુમારે ઘરની આજુબાજુના સ્થળો પર નાગરીકોએ સાવચેતી રાખવી અનિવાર્ય બની રહે છે. ગુજરાત રાજયમાં વિવિધ પ્રજાતિના સરિસૃપો વસવાટ કરે છે. જેમાં કેટલીક પ્રજાતિના સર્પ અત્યંત ઝેરી હોય છે જયારે મોટાભાગના સરિસૃપો બિનઝેરી પ્રજાતિના હોય છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં માનવ પણ અકળામણ અનુભવે છે. ત્યારે સાંજ ઢળતાં જ ખોરાકની શોધમાં સર્પ પોતાના રાફડામાંથી બહાર નીકળતા હોય છે. જેને પગલે રાત્રીના સમયે સાપને પગ અડી જાય કે પડી જાય તેવા સમયે સર્પદંશના બનાવો વધુ બને છે. સરિસૃપમાં કોબા, કાળોતરો અને ખડચીતરો ઝેરી પ્રજાતિના છે. ધામણ, આંધળી ચાકર, રુપસંદરી, વેરુબંધી વગેરે પ્રજાતિના સાપ વધુ જોવા મળે છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ચારમાસમાં સર્પદંશના ૪૦ જેટલા બનાવો બનવા પામ્યા છે. જેમાં માર્ચ-૬, એપ્રિલમાં ૯, મે-૧૨ તેમજ ચાલુમાસમાં અત્યાર સુધીમાં ૫ બનાવ નોંધાયા છે. જયારે ચોમાસાની સિઝનમાં સર્પદંશના બનાવમાં વધારો થવા પામે છે. ચોમાસાની સિઝનમાં દરમાં પાણી જતું હોવાથી સાપ અન્યત્ર આસપાસના વિસ્તારમાં સ્થળાંતર કરે છે. જેમાં ઘરની અગાસી, વૃક્ષ, તેમજ બાથરુમમાં ઠંડકવાળી જગ્યામાં વધુ રહે છે. ત્યારે ચોમાસા દરમિયાન રાત્રીના સુમારે ઘરની આજુબાજુ ના વિસ્તારમાં નાગરીકોએ સાવચેતી રાખવી અનિવાર્ય બની રહે છે. જેથી સર્પદંશના બનાવ બનતા અટકાવી શકાય.

# ધોરણ-૧ ૨ પછી શું ? સીડીનું કોંગ્રેસ દ્વારા વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીના સફળ સૂકાનને તા. ૧૨-૬-૨૦૧૬ના રોજ એક વર્ષ પૂર્ણ થશે. આથી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૧૩-૬-૨૦૧૬ને સોમવારના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવક્તા યાકુબબાઈ મનસુરીએ જણાવ્યું છે કે આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે સવારે ૯.૦૦ કલાકથી ૧.૦૦ કલાક સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે. જે અન્વયે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા તૈયાર કરવામાં આવેલી 'ધો. ૧૨ પછી શું?'નામની કારકિર્દી માર્ગદર્શન આપતી સીડીનું વિમોચન સવારે ૯.૦૦ કલાકે કરાશે. ત્યારબાદ ૧૦ થી ૧ કલાક દરમિયાન સફળ સુકાનનું એક વર્ષ પૂર્ણ કરનાર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અભિવાદન કાર્યક્રમ અને નવનિયુક્ત પ્રદેશ નિરીક્ષક બલવંતસિંહ રાજપૂત અને રમેશભાઈ દેસાઈના સ્વાગત-સન્માન ઉપરાંત જિલ્લા, તાલુકા અને નગર પાલિકાના ચૂંટાયેલા પદાધિકારીઓ-સદસ્યો માટે 'પ્રશિક્ષણ વર્ગ'નું આયોજન કરવામાં આવેલ છે.

# એનસીપીના જિલ્લા પ્રમુખપદે હિમાંશુ ભચેચ સહિત જિલ્લા-શહેર હોદ્દેદારોનો શપથવિધિ



ગાંધીનગર, તા. ૧૧

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ(એન.સી.પી.)નાં ગાંધીનગર જીલ્લા શહેર પ્રમુખ હિમાંશુ ભચેચ સહિત હોદ્દેદારોએ આજે ગાંધીનગરના આંબેડકર હોલ ખાતે પોતાના હોદ્દાના શપથ ગ્રહણ કર્યા હતા. રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એન.સી.પી.)ના ગાંધીનગર શહેર જીલ્લાના નવા વરાયેલા પ્રમુખ અને તેમના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ આજે રવિવારે સવારે ૧૦ થી ૧ દરમિયાન ગાંધીનગરના ડો.બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે રાષ્ટ્રવાદી કોંગ્રેસના સીની. મહામંત્રી સર્વશ્રી જયંતિભાઈ ગોહિલ, ડો. જગદીશચંદ્ર દાફડા તેમજ ઉત્તર ગુજરાતના પ્રભારી નરેન્દ્રસિંહ વાઘેલાની ઉપસ્થિતીમાં યોજાયો હતો.

શપથવિધિ બાદ નવા વરાયેલા પ્રમુખ હિમાંશુ ભચેચે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રવાદી કોંગ્રેસ કે જે સમાજમાં એન.સી.પી.ના નામે ઓળખાય છે. આ પક્ષની સ્થાપના તા.૯, જૂન-૧૯૯૮ ના દિવસે મુંબઈના સન્મુખાનંદ હોલમાં સવારે ૧૦-૧૦ મીનીટે પક્ષના સ્થાપક શરદ પવારજીએ કરી હતી. અને તે પણ રાષ્ટ્રવાદી વિચારધારાથી પ્રેરાઈને કરી હતી.

હું અને મારા હોદ્દેદારો ગાંધીનગર જીલ્લામાં સદાય સક્રિય રહીશુ. પ્રજાને આજે મોંઘવારીના યુગમાં સ્વરોજગારીની જરૂર છે. એ ઉપરાંત મતદાર તરીકે ગાંધીનગર જીલ્લાના શહેર હોય કે ગ્રામ્ય વિસ્તાર, અનેક સમસ્યાઓ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પ્રવર્તી રહી છે. જે અમો આ સમસ્યાનો ઉકેલવાના પ્રયત્નો કરીશુ. કારણ સત્તા અમારે માટે સાધન નહી, સેવા છે.

આ પ્રસંગે ઉપસ્થિત પક્ષના સીનીયર મહામંત્રી જયંતિભાઈ ગોહિલે પક્ષના હોદ્દેદારો અને કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ કે, તમે કામ કરશો તો જ પ્રજા તમને ઓળખશે અને તો જ તમને ચૂંટણીમાં યશ આપશે. પ્રજા વચ્ચે જઈ કામ કરવુ એ જ આપણાં પક્ષનો ધ્યેય છે. કોઈ પણ સ્થળે ભીડ ભેગી કરવી જરૂરી નથી. માત્ર પાંચ માણસો હશે અને તમે હિંમતપૂર્વક પ્રજાનું કાર્ય કરશો તો તમારૂ કામ સ્વયંભૂ રીતે પાંચ હજાર માણસો સુધી આપોઆપ પહોંચી જશે. માટે પ્રજાનું કાર્ય કરતા રહેવુ, એ જ આપણો ધ્યેય છે.

# ગત ગુણોત્સવ કાર્યક્રમ દરમ્યાન મળેલા પ્રશ્નો પૈકી કેટલાક પ્રશ્નો હજુ વણઉકેલ્યા

ગાંધીનગર, તા. ૧૧

રાજયમાં ગુણોત્સવ કાર્યક્રમ દરમ્યાન ગત વર્ષે મળેલ પ્રશ્નો પૈકી કેટલાક પ્રશ્નો આજે પણ વણ ઉકેલ્યા હોઈ આ પ્રશ્નોને તાકીદે ઉકેલવા માટેની સૂચનાઓ સબંધીત વિભાગોને આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત વર્ષે યોજવામાં આવેલ ગુણોત્સવ કાર્યક્રમ દરમ્યાન રાજ્ય સરકારને કેટલાક પ્રશ્નો મળ્યા હતા. જે અંગે થોડા સમય અગાઉ શિક્ષણ વિભાગ દ્વારા એક પ્રેઝન્ટેશન સરકાર સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું.

આ પ્રેઝન્ટેશનમાં ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત શાળાની મુલાકાત વેળાએ જે તે ગામ વોર્ડને લગતા પ્રશ્નોને નીતિ વિષયક વિભાજીત કર્યા હોવાનું જણાવ્યું હતું. ઉપલબ્ધ થયેલા પ્રશ્નો પૈકી ૧ ટકા પ્રશ્નો નીતિ વિષયક, ૬ ટકા જેટલા પ્રશ્નો વિભાગ ખાતાના વડા કક્ષાએ હલ કરવાપાત્ર, ૬ ટકા પ્રશ્નો અંદાજપત્રીય જોગવાઈ કરવાપાત્ર હોય તેવા ૩૮ ટકા પ્રશ્નો જિલ્લા કક્ષાએ હલ કરવાપાત્ર તથા ૪૯ ટકા પ્રશ્નો તાલુકા કક્ષાએ હલ કરવાપાત્ર હોવાનું પણ પ્રેઝન્ટેશનમાં જણાવાયું છે. જિલ્લાવાર પ્રશ્નોની સંખ્યા અને તે પૈકી વિભાગોને મોકલેલ પ્રશ્નો જિલ્લા કક્ષાએ નિકાલ કરવાપાત્ર અને નિકાલ કરેલ પ્રશ્નો તથા તાલુકા કક્ષાએ નિકાલ કરવાપાત્ર અને નિકાલ કરેલ પ્રશ્નોની વિગતો રજુ કરવામાં આવી હતી.

નીતિ વિષયક ૨૪૫ પ્રશ્નો જે વિભાગોને સંબંધિત છે તેની વિગતો આ વિભાગોને સંબંધિત પ્રશ્નોની સંખ્યા સાથે રજુ કરવામાં આવી હતી.